જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૪/૦૮/૨૦૨૩  સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૩૨૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૬૯૬ લીટર દેશી દારૂ, ૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૧,૯૫,૦૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૩૩૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ-   સમાચાર યાદી નં.૧૩૩૧/૨૦૨૩

**સેટેલાઈટઃ** (૧) રાજેશ નવનીતરાય જોશી (ઉ.વ.૭૩) (રહે. હિમ્મતલાલ પાર્ક સોસાયટી આંબાવાડી) એ તા.૧૩/૦૮/૨૦૨૩ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૮૯૧૦૬૬૬૯૮૬ અને ૭૩૨૬૮૯૩૩૭૩ ના ધારકે રાજેશ જોશીને ફોન કરી અભિષેક શર્મા નામ જણાવી મુંબઈથી એક્સીસ બેન્કમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી રાજેશ જોશીને જણાવેલ કે તમારે કે.વાય.સી. અપડેટ કરાવવાનું છે તેમ કહી રાજેશ જોશીના ફોનમાં Axis Bank.apk નામની એપ્લીકેશન ઈન્સ્ટોલ કરાવી ફોનનો એક્સેસ મેળવી લઈ તેમજ ક્રેડીટકાર્ડ અને પાનકાર્ડની માહીતી મેળવી લઈ રાજેશ જોશીના ખાતામાં ક્રેડીટકાર્ડથી લોન લઈ તેમજ ખાતામાંથી અલગ-અલગ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરી કુલ રૂપિયા ૪,૦૦,૫૫૬/- ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વાય.વ્યાસ ચલાવે છે.

**સેટેલાઈટઃ** (૨) સ્વયંમ સ/ઓ સૌરીનભાઇ જરમરવાળા (ઉ.વ.૩૨) (રહે. કામેશ્વર ટ્વીન્સ સોસાયટી માણેકબાગ સોસાયટી પાછળ યોગાશ્રમ સામે આંબાવાડી) એ તા.૧૩/૦૮/૨૦૨૩ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૪/૨૦૨૩ થી તા.૦૭/૦૮/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નીલ જયંતીભાઇ પટેલ (હાલ રહે-રૂમ નંબર-૧૦૨૩ હયાત હોટલ વસ્ત્રાપુર અમદાવાદ, મુળ રહે. પ્રેરણાપાર્ક સોસાયટી કેનાલ રોડ ગોરનો કુવા પાસે મણીનગર) એ એનએક્સએસ સોલ્યુશન કંપનીના માલીક અને મિકેનીક એન્જીનીયર હોવાની ઓળખ આપી વિશ્વાસ અને ભરોષો સંપાદન કરી સ્વયંમ જરમરવાળા તથા તેમની પત્નીના મોબાઈલ ફોનનો ઉપયોગ કરી બન્નેના મોબાઈલ ફોનમાં રીંગ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ઓનલાઇન તથા ક્રેડીટ કાર્ડથી અલગ-અલગ એપ્લેકેશન દ્વારા અલગ-અલગ તારીખે કુલ રૂપિયા ૪,૭૧,૪૨૯/- તથા સાહેદ પાસેથી રૂપિયા ૧૪,૭૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૯,૪૯,૪૨૯/- મેળવી લઇ નાશી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વાય.વ્યાસ ચલાવે છે.

**વટવાઃ** કુંજનભાઈ હિતેશભાઈ શાહ (ઉ.વ.૩૫) (રહે. દેવ કેસલ જયમાલા ચાર રસ્તા પાસે ઈસનપુર) એ તા.૧૩/૦૮/૨૦૨૩ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કુંજનભાઈ શાહ વટવા દેવંમ રેસીડેન્સી ખાતે ક્રિશ્ના હોસ્પીટલ ધરાવતા હોઈ માહે જાન્યુઆરી/૨૦૨૩ ની સાલમાં "અખીલ ગુજરાત પેરા મેડીકલ કાઉન્સીલ" નામની ઓનલાઈન સાઈડ દ્વારા મોબાઈલ નંબર મેળવી સંપર્ક કરતા અજીતભાઇ સ/ઓ મધુકરભાઇ સોનવણે (ઉ.વ.૫૩) (રહે. વીર એવન્યુ માણેકરાવ અખાડા સામે દાંડિયા બજાર વડોદરા) સાથે કુંજનભાઈ શાહ એ વાતચીત કરેલ કે ક્રિશ્ના પેરા મેડીકલ ઈન્સ્ટીટ્યુટ નામની મેડીકલને લગતા ક્ષેત્રનુ શિક્ષણ આપવા માટે સંસ્થા ચાલુ કરવાની છે. જેથી તેઓએ સંસ્થા ચાલુ કરવા ગુજરાત નર્સિંગ કાઉન્સીલ માંથી મંજુરી મેળવી આપવાની બાહેધરી આપી તે પેટે રૂપિયા ૫,૭૦,૦૦૦/- માંગણી કરી હતી. કુંજનભાઈ શાહએ તેઓની વાતોમાં આવી માગ્યા મુજબ રૂપિયા ૫,૭૦,૦૦૦/-આપી દીધા હતા. ત્યારબાદ વધુ સમય પસાર થતા મંજુરી નહી મળતા આપેલ પૈસાની માંગણી કરતા ૧,૦૦,૦૦૦/- પરત આપી બાકી નિકળતા રૂપિયા ૪,૭૦,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એચ.રબારી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૨/૨૦૨૩**

**ઓઢવઃ** રાકેશકુમાર મણીલાલ પટેલ (રહે. દેવકૃપા-૧ આમંત્રણ બંગ્લોજ સામે ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૮/૨૦૨૩ સાંજના ૭/૩૦ થી તા.૧૩/૦૮/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ વેપારી મહામંડલની સામે સિંગરવા બિલેશ્વર એસ્ટેટ શેડ નંબર-એ/૧૨૫ ખાતે કારખાનાની બારી તોડી અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી કોપર વાયર કિમત રૂપિયા ૧,૫૧,૫૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ક્રિશ્ચન ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૩/૨૦૨૩**

**રખિયાલઃ** રખિયાલ ઇનમેક કંપની ખાતે સિક્યુરિટી તરીકે નોકરી કરતા રાહુલ રમેશસિંગ તોમર (ઉ.વ.૩૦) (રહે. શાંતિ નિવાસ બિલ્ડીંગ અશોક મિલ નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ થી ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ ઇનમેક કંપની ખાતે સિકયુરીટી રૂમમાં પંખા સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સુનીલકુમાર રુપાજી ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** શ્રવણ સ/ઓ મનુભાઈ સરાણીયા (ઉ.વ.૧૮) (રહે. સરાણીયા વાસ વિષ્ણુ કોલોની પાસે જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૩ બપોરના ૩/૪૦ વાગ્યા પહેલા અપલાઈન થાંભલા નં-૪૮૯/૧૯/બી થી ૪૮૯/૨૧ વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવી આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આઈ.મકરાણી ચલાવે છે.

**નારોલઃ** હિનાબહેન વા/ઓ આશિકભાઇ પટેલ (ઉ.વ.૨૧) (રહે. રેનબો રીવેરા ફ્લેટ તિર્થ-૦૨ સામે સાશ્વત સ્કુલ પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “કે” ડીવીજન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી